પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૩૬ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૬૧ | ૨ ડિસેમ્બર, ૨૦૧૬, શુક્રવાર ; માગશર સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઘોષિત આવકથી ખરીદાયેલ સોના પર ટેક્સ નહીં

## પરણિત મહિલાઓની પાસે ૫૦૦ ગ્રામ સોનુ છે તો તપાસ નહીં : અપરણિત મહિલા પાસે ૨૫૦ ગ્રામ, પુરૂષો પાસે મહત્તમ ૧૦૦ ગ્રામ સોનુ રહેશે તો પણ તપાસ નહીં થાય : મર્યાદા કરતા વધુ સોનુ મળશે તો ચકાસણી



મુંબઈ, તા.૧

લોકોના ઘરમાં રાખવામાં આવેલા સોનાને લઈને સરકારે આજે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે જો સોનાની માત્રા આવકની દૃષ્ટીએ છે તો તેને લઈને કોઈ ખતરો નથી. નાણા મંત્રાલયે એક નિવેદન જારી કરીને કહ્યું છે કે જો સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી મર્યાદાની અંદર ઘરમાં સોનુ રાખવામાં આવ્યું છે તે ગભરાવવાની જરૂર નથી. સરકારે એમ પણ કહ્યું છે કે પરણિત, અપરણિત મહિલાઓ અને પુરૂષોની પાસે કેટલું સોનુ છે તેને લઈને કોઈ તપાસ કરવામાં આવશે નહીં. નાણા મંત્રાલયનું કહેવું છે કે તાજેતરમાં જ આઈટી કાયદાઓમાં કરવામાં આવેલા સુધારામાં કેટલીક નવી જોગવાઈઓ ઉમેરવામાં આવી છે. હાલમાં જ સુધારવામાં આવેલા આઈટી એક્ટની જોગવાઈઓ એ જ્વેલરી, સોના ઉપર લાગુ થશે નહીં જેને જાહેર કરવામાં આવેલી આવક અથવા તો રાહતની આવક હેઠળથી ખરીદવામાં આવી છે. સોનાને લઈને આવકવેરા વિભાગના દરોડાના દોર વચ્ચે નાણા મંત્રાલયે કહ્યું છે કે પરણિત મહિલાઓની પાસે જો ૫૦૦ ગ્રામ સોનુ છે તો તે તપાસની હદમાં આવશે નહીં. જો તે અપરણિત મહિલા છે અને તેની પાસે ૨૫૦ ગ્રામ સોનુ છે તો તેની સામે પણ કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં. બીજી બાજુ પુરૂષોને મહત્તમ ૧૦૦ ગ્રામ સોનુ રાખવાની મંજુરી આપવામાં આવી છે. જો આ મર્યાદાથી વધારે સોનુ કોઈને પાસે મળે છે તો આવકવેરા વિભાગની ચકાસણી હેઠળ આવી જશે. અલબત્ત સરકારે સ્પષ્ટતા કરી છે કે પોતાની ઘોષિત, છૂટથી પ્રાપ્ત કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તર ભારતમાં જીવલેણ ધુમ્મસ માર્ગ અકસ્માતોની વણઝાર

## ટ્રાફિક, ટ્રેન અને વિમાની સેવાને માઠી અસર : મથુરામાં યમુના એક્સપ્રેસ વે ઉપર એકસાથે ૧૨ ગાડી ટકરાઈ



નવી દિલ્હી,તા. ૧

દિલ્હી, એનસીઆર અને ઉત્તરપ્રદેશ, હરિયાણા સહિત સમગ્ર ઉતર ભારતમાં સતત બીજી દિવસે પણ જીવલેણ ધુમ્મસની સ્થિતી આજે રહી હતી. જેના કારણે ટ્રાફિક, ટ્રેન અને ફલાઈટ ઓપરેશન પર માઠી અસર થઈ હતી. તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. કેટલીક જગ્યાએ તો ધુમ્મસના કારણે જીવલેણ અકસ્માતો થયા હતા. ધુમ્મસના કારણે આજે સવારે મથુરામાં યમુના એક્સપ્રેસ વે પર એકસાથે ૧૨ ગાડી ટકરાઈ ગઈ હતી. આ અકસ્માતમાં એકનુ મોત થયુ હતુ અને ૧૨થી વધારે લોકો ઘાયલ થયા હતા. બુધવારના દિવસે પણ ઈટાવા-આગરા રાષ્ટ્રીય રાજમાર્ગ પર ધુમ્મસના કારણે ચાર ગાડી ટકરાઈ ગઈ હતી. જેમાં એકનુ મોત થઈ ગયુ હતુ. દિલ્હીમાં અને અન્યત્ર ચારેબાજુ વિમાની અને ટ્રેન સેવા ખોરવાઈ ગઈ હતી. ધુમ્મસના કારણે દિલ્હી વિમાનીમથકે કેટલીક ફલાઈટના ઓપરેશનને રોકી દેવાની ફરજ પડી હતી. બુધવારના દિવસે પણ ૬૦થી વધારે ફલાઈટોને અસર થઈ હતી.

# રોકડ કટોકટીને સુધારવા સપ્લાય ચાર ગણો કરાયો

## ૫૦૦ની નોટ વધુ પ્રમાણમાં છાપવાની પ્રક્રિયા જારી : દેશભરમાં બેંકોમાં રોકડ કટોકટી અકબંધ રહી : મોટાભાગની બેંકોમાં હાલત કફોડી : એટીએમ પણ ખાલી : નોટ છાપવાની કામગીરી યુદ્ધના ધોરણે જારી



નવી દિલ્હી, તા.૧

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ ઉભી થયેલી રોકડ કટોકટીને હળવી કરવાના તમામ પ્રયાસો સરકાર અને આરબીઆઈ દ્વારા કરાઈ રહ્યા છે ત્યારે આરબીઆઈએ કેશ સપ્લાયને ચાર ગણા સુધી વધારી દીધો છે. જોકે બેન્કોમાં હજુ પણ રોકડ કટોકટી યથાવત રીતે જોવા મળી રહી છે. બેંક શાખાઓ ઉપર પ્રવર્તી રહેલી રોકડ કટોકટીને ધ્યાનમાં લઈને સરકારે ૫૦૦ રૂપિયાની નોટ વધુ છાપવાને વધુ મહત્વ આપ્યું છે અને એવી આશા વ્યક્ત કરી છે કે નવી નોટનો નવો જથ્થો આગામી થોડાક દિવસમાં સ્થિતિને હળવી કરી દેશે. દેશભરમાં બેંકોમાં રોકડ કટોકટી યથાવત રીતે જોવા મળી રહી છે ત્યારે હવે આરબીઆઈ દ્વારા કેશ સપ્લાયસને ચાર ગણી વધારી દેવા તૈયારી કરી લીધી છે. હાલમાં ખાનગી બેંકો કેશ સોર્ટેજને લઈને મુશ્કેલી અનુભવી રહી છે. ઈન્ડસ્ટ્રી ડેટા દર્શાવે છે કે સપ્લાયને ઉલ્લેખનિય રીતે ઘટાડી દેવામાં આવ્યો છે. સૂત્રોનું કહેવું છે કે આરબીઆઈની માલિકીની બે પ્રિન્ટીંગ પ્રેસ અને સરકારી માલિકીની બે પ્રિન્ટીંગ પ્રેસ ખાતે નવી નોટ છાપવા માટેની કામગીરી યુદ્ધના

● અનુસંધાન પાન-૭ પર

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો



# રાજ્યસભામાં ધમાલ વચ્ચે મોદી હાજર રહ્યા

નવી દિલ્હી, તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાજ્યસભામાં જારી ધાંધલ ધમાલ વચ્ચે થોડાક સમય સુધી ગૃહમાં ઉપસ્થિત રહ્યા હતા. વિપક્ષી સભ્યો ઉપરાંત અનેક રાજકીય પક્ષોના નેતા આ ગાળા દરમિયાન ધાંધલ ધમાલ કરવામાં વ્યસ્ત રહ્યા હતા.

કેટલાક સભ્યો મોદી સાથે વાતચીત કરવા માટે તેમની સીટ નજીક પણ પહોંચ્યા હતા. હકીકતમાં વિરોધ પક્ષો નોટબંધીના મામલા પર થનારી ચર્ચા દરમિયાન મોદીની ઉપસ્થિતિની માંગ કરી રહ્યા હતા. મોદી બપોરે ૧૨ વાગ્યાની આસપાસ રાજ્યસભામાં પહોંચ્યા હતા.

પ્રશ્ન કલાક દરમિયાન આજે યાદીમાં રહેલા પ્રશ્નોમાં વડાપ્રધાન કચેરી સાથે સંબંધિત પ્રશ્નો હતા. જેથી વડાપ્રધાન રાજ્યસભામાં હાજર હતા. અલબત્ત થોડીક વાર બાદ કાર્યવાહીને મોકુફ કરવી પડી હતી. સમાજવાદી પાર્ટીના સાંસદ જયા બચ્ચન મોદી પાસે પહોંચ્યા હતા અને વાતચીત કરતા નજરે પડ્યા હતા.

# જીયોની નવી ઓફર : તમામ સર્વિસ ૩૧મી માર્ચ સુધી ફ્રી

## રિલાયન્સના ચેરમેન-મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણીની જાહેરાત : મફત ડેટા, કોલ્સ અને અન્ય સુવિધાઓ ફ્રી : જીયોના હજુ સુધી પાંચ કરોડ યુઝરો : વોસ્ટએપ, ફેસબુક, સ્કાઈપ કરતા રિલાયન્સ જીયોની ગતિ તીવ્ર છે

મુંબઈ, તા.૧

રિલાયન્સ જીયોએ પોતાના તમામ મોબાઈલ ગ્રાહકોને હેપ્પી ન્યુ



ઈયર ઓફરની ભેટ આપીને ૩૧મી માર્ચ ૨૦૧૭ સુધી પોતાની તમામ સર્વિસ ફ્રી કરવાની જાહેરાત કરી દીધી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણી આજે આ અંગેની જાહેરાત કરી હતી. મુકેશ અંબાણીએ જાહેરાત કરતા રિલાયન્સના ગ્રાહકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. તમામ સર્વિસ ૩૧મી માર્ચ સુધી હવે ફ્રી રહેશે. હજુ સુધી મફત ડેટા, કોલ અને અન્ય સુવિધા ૩૧મી ડિસેમ્બર સુધી જ મફત હતી. અંબાણીએ હેપ્પી ન્યુ ઈયર ઓફરની જાહેરાત કરતા કહ્યું હતું કે જીયોના આશરે પાંચ કરોડ યુઝરો થઈ ગયા છે અને સૌથી ઝડપથી વધતી કંપની આ બની ગઈ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે જીયોનું કદ ફેસબુક કરતા પણ વધુ ઝડપથી વધી રહ્યું છે. અંબાણીએ ઉમેર્યું હતું કે કંપની દરરોજ ૬ લાખ ગ્રાહકો ઉમેરી રહી છે. મુકેશ અંબાણીએ જીયોને અપનાવવા માટે ગ્રાહકોનો આભાર માનીને કેટલીક મોટી જાહેરાતો કરી હતી. નોટબંધી બાદ કેશલેસ સોસાયટીની તરફ વધતા અર્થતંત્રનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે જીયો ઈવોલીટ લોંચ કરવામાં આવી રહી છે. ચોથી ડિસેમ્બરથી જીયો સાથે જોડાઈ જનાર ગ્રાહક માર્ચ ૨૦૧૭ સુધી જીયો એપ્સનો મફતમાં ઉપયોગ કરી શકશે. આ ઉપરાંત તેમને ફ્રી અનલિમિટેડ ડેટા, કોલ્સ, વીડિયો, વાયફાઈની સુવિધા મળશે. વર્તમાન કસ્ટમરોને પણ આ તમામ લાભ મળતા રહેશે. નોટબંધી બાદ મોબાઈલ પેમેન્ટના ઉપયોગને ધ્યાનમાં લઈને જીયો પણ મની વોલેટની શરૂઆત કરશે. પાંચમી ડિસેમ્બરથી આ એપ્લીકેશનને ડાઉનલો કરી શકાશે. આનો હેતુ શરૂઆતમાં એક કરોડ નાના કારોબારીઓ સુધી પહોંચવાનો રહેશે. મુકેશ અંબાણીએ કહ્યું હતું કે કંપનીએ હજુ સુધી પાંચ કરોડથી વધુ ગ્રાહક બનાવી લીધા છે. જીયોને લોકો તરફથી ભરપુર ફાયદો મળી રહ્યો છે પરંતુ અન્ય ઓપરેટરોએ તેને સાથ આપ્યો નથી. નોટબંધીના મુદ્દા પર મુકેશ અંબાણીએ કહ્યું હતું કે આ એક ઐતિહાસિક નિર્ણય છે. આના માટે મોદીનો મુકેશ અંબાણીએ આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કે ડિજીટલ ટ્રાન્ઝેકશનથી પારદર્શકતા આવશે અને લોકોને ફાયદો થશે. કંપનીના શેર હોલ્ડરોને સંબોધતા મુકેશ અંબાણીએ આજે તમામને ચોંકાવી દીધા હતા. કંપનીની સોશિયલ મીડિયા ચેનલો ઉપર તેનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. છેલ્લા ત્રણ મહિનાના ગાળામાં રિલાયન્સ જીયોએ વોટ્સએપ, ફેસબુક અને સ્કાઈપ કરતા પણ વધારે ઝડપથી પ્રગતિ કરી છે.

મુકેશ અંબાણીએ એમ પણ કહ્યું હતું કે ડિજીટલી ટ્રાન્ઝેકશનથી ઈકોનોમીક ગ્રોથમાં તેજી આવશે.

# મમતાની ફલાઈટના વિલંબને પગલે સંસદમાં ભારે હોબાળો

## ઓછુ ફયુઅલ છતાં વિમાનનું મોડેથી ઉતરાણ : પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની જાન સામે ખતરો હતોઃ ટીએમસી સભ્યો દ્વારા ગંભીર આક્ષેપ થયો

નવી દિલ્હી, તા. ૧

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને લઈને જતા ઈન્ડીગો એરલાઈન્સના વિમાનમાં વિલંબના પરિણામ સ્વરૂપે સંસદમાં આજે ભારે હોબાળો થયો હતો. મમતા બેનર્જીને લઈને જતા વિમાનમાં મોડેથી ઉતરાણને લઈને હોબાળો રહ્યો હતો. ટીએમસીએ આક્ષેપ કરતા કહ્યું હતું કે મમતા બેનર્જીની જાન લેવા માટેનું કાવતરું ઘડી કાઢવામાં આવ્યું હતું. ફયુઅલ ઓછું હોવા છતાં વિમાનને મોડેથી ઉતારવામાં આવ્યું હતું. તૃણમૂલના સભ્યોનું કહેવું છે કે વિમાનમાં ઓછું ફયુઅલ હોવા છતાં તેને મોડેથી ઉતરાણ કરવાની મંજુરી આપવામાં આવી હતી. જેના લીધે સભ્યો તપાસની માંગ કરે છે. તૃણમૂલના નેતા સુદીપ બંદોપાધ્યયે આ મામલો લોકસભામાં ઉઠાવ્યો હતો. તેમનો આક્ષેપ છે કે મમતાને લઈને જઈ રહેલા ઈન્ડીગોના વિમાનમાં ઓછુ ફયુઅલ હોવા છતાં તેને ઉતરાણ કરવાની મંજુરી તાત્કાલિક અપાઈ ન હતી. તૃણમૂલ કોંગ્રેસના વિરોધમાં કોંગ્રેસના સભ્યો પણ જોડાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર







